
# વિશ્વવિહાર

## ગ્રંથોત્સવ













# અવસર ગ્રંથોત્સવનો

૨૦૧૨નો જૂન મહિનો ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ માટે આનંદનો અવસર બની રહ્યો. જૂન મહિનાની ૧૬મી તારીખ અને શનિવારે ગુજરાતી વિશ્વકોશના ખંડ ૬-ના નવસંસ્કરણ પામેલા બે ભાગ પ્રસિદ્ધ થયા. ૨૫ ગ્રંથોની શ્રેણી પૂર્ણ થયા બાદ ગુજરાતી વિશ્વકોશે આ ગ્રંથોનું નવસંસ્કરણ કરવાનું શરૂ કર્યું અને પ્રથમ પાંચ ભાગમાં એટલી બધી માહિતી અને અધિકરણોનો ઉમેરો થયો કે જેને પરિણામે છઠ્ઠા ખંડને બે ભાગમાં પ્રકાશિત કરવો પડ્યો. એના પ્રકાશનની સાથોસાથ બાળકેળવણીમાં મૌલિક અભિગમ દાખવનાર ગિજુભાઈની કલ્પનાને સાકાર કરવાના બાળવિશ્વકોશના પ્રયાસના ફળ રૂપે અત્યંત સચિત્ર એવો એનો બીજો અને ત્રીજો ખંડ પ્રગટ થયો. નવ જેટલા જુદા જુદા વિષયોના પુસ્તકોનું પ્રકાશન કરવામાં આવ્યું. આ 'ગ્રંથોત્સવ'માં જ્ઞાનની લહાણી થઈ અને સાહિત્યકારો, તજ્જ્ઞો અને વિદ્વદ્પ્રેમીઓની ઉપસ્થિતિમાં આ તમામ ગ્રંથોનો વિમોચન સમારોહ યોજાયો ત્યારે ટ્રસ્ટના પ્રમુખ શ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈએ સ્વાગત કરતાં જણાવ્યું,

'છેલ્લાં ૨૭ વર્ષથી આ ટ્રસ્ટની પ્રવૃત્તિ ચાલે છે અને તેનાથી આપ સહુ વાકેફ છો. માતૃભાષાને માધ્યમ તરીકે સ્વીકાર્યાને પચાસથી અધિક વર્ષ થઈ ગયાં. ઉચ્ચશિક્ષણમાં વિવિધ વિષયો શીખવવા માટે ગુજરાતી માધ્યમ ચાલે છે; પણ વિષયની માહિતીપ્રદ અને પ્રમાણભૂત સામગ્રી ગુજરાતી ભાષામાં પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ થતી નહોતી, તે માટે સર્વ વિષયોને આવરી લે તેવા માહિતીસ્રોતરૂપ વિશ્વકોશની ખોટ વર્તાતી હતી. કોઈ પણ ભાષામાં અપાતું શિક્ષણ તે ભાષામાં રચાયેલ વિશ્વકોશ વિના અધૂરું ગણાય. તે ખોટ પૂરવા માટે આપ સહુ જાણો છો તેમ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે ગુજરાતી ભાષામાં સર્વગ્રાહી વિશ્વકોશ તૈયાર કરવાનો સંકલ્પ કર્યો. તે સંકલ્પ અનુસાર પ્રારંભે વિશ્વકોશની ૨૦ ગ્રંથોની શ્રેણીનું આયોજન કર્યું હતું, પણ એ પછી સમય જતાં વધુ ને વધુ વિષયો તેમાં ઉમેરાતા ગયા અને ૨૦ને બદલે ૨૫ ગ્રંથોની શ્રેણી થઈ.'

બાળવિશ્વકોશના બીજા અને ત્રીજા ભાગના પ્રકાશન વિશે, દર મહિનાના છેલ્લા બે બુધવારે યોજાતી વ્યાખ્યાનશ્રેણી અંગે, તેર વર્ષથી નિયમિતપણે પ્રગટ થતાં વિશ્વકોશના મુખપત્ર 'વિશ્વવિહાર' વિશે અને ગુજરાત સરકાર તરફથી વિશ્વકોશને ગૅઝેટિયર્સ બહાર પાડવાની સોંપાયેલી કામગીરી અંગે વાત કર્યા બાદ એમણે કહ્યું, 'તાજેતરમાં ગુજરાત વિશ્વકોશમાં લલિતકલાકેન્દ્રની સ્થાપના કરવામાં આવી અને તેના દ્વારા નૃત્ય, નાટક, સંગીત જેવી કલાઓના કાર્યક્રમો યોજાતા રહે છે તેમજ હવે વિશ્વકોશે કલાવીથિકા (આર્ટ ગૅલરી) કરી હોવાથી પ્રસિદ્ધ ચિત્રકારોનાં ચિત્રપ્રદર્શનો અને વ્યાખ્યાનો પણ યોજાય છે. વળી જુદાં જુદાં ગ્રંથાલયોમાં રજાના દિવસો દરમિયાન વિદ્યાર્થીઓને માટે 'વિશ્વકોશ સાથે



ચાળીસ કલાક'ના કાર્યક્રમોનું આયોજન થાય છે, જેમાં રજાના દિવસોમાં વિદ્યાર્થીઓ ગ્રંથાલયમાં આવીને વિશ્વકોશ વાંચે છે અને એ ચાળીસ કલાકના વાંચન દરમિયાન માહિતીની નોંધ કરતા રહે છે. શાળાઓ, કૉલેજો અને યુનિવર્સિટીના જુદા જુદા વિષયના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો વિશ્વકોશની મુલાકાતે આવે છે અને એને વિશે માહિતી મેળવે છે.

શ્રેષ્ઠીવર્ય શ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈએ પોતાના પ્રવચનના અંતે કહ્યું, ''ગુજરાત સરકારે આ મકાનનો પ્લોટ નિઃશુલ્ક આપ્યો છે તેમજ વિશ્વકોશના પ્રકાશનને માટે ગ્રાંટ પણ આપે છે. આ મકાન બાંધવા માટે અમદાવાદ અને મુંબઈના અનેક શ્રેષ્ઠીવર્યોએ ઉદાર હાથે મદદ કરી છે અને સંસ્થાને મજબૂત પાયા પર મૂકી આપી છે. આજે ગુજરાતી ભાષા, સાહિત્ય, સંસ્કાર અને એની અસ્મિતાનું સંવર્ધન કરતી મહત્ત્વની સાંસ્કૃતિક સંસ્થા તરીકે આ સંસ્થાએ સહુના સ્નેહ અને આદર મેળવ્યા છે. સહુથી વિશેષ આભાર તો આ સત્કાર્યમાં ગુજરાતના વિવિધ વિષયના નિષ્ણાતો અને વિદ્વાનોએ જે દિલ દઈને સહકાર આપ્યો છે તેઓનો માનું છું. એમણે લાંબા ગાળાના આ ભગીરથ કાર્યને સફળ બનાવ્યું છે તે માટે તેમને જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે.

હિંદીના પ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી ઇંદ્રનાથ ચૌધરીનું સંસ્થાના ટ્રસ્ટી શ્રી નીતિનભાઈ શુક્લએ તથા અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહેલા ઉદ્યોગપતિ અને સેવાભાવી શ્રી દામજીભાઈ એંકરવાળા તથા હરિ ૐ આશ્રમ નડિયાદના પ્રમુખ અને ઉદ્યોગપતિ શ્રી સનતભાઈ પટેલનું સંસ્થાના ટ્રસ્ટી શ્રી પ્રકાશભાઈ ભગવતીએ સ્વાગત કર્યું હતું.

ગુજરાતના મૂર્ધન્ય કવિ અને વિશ્વકોશ તથા બાળવિશ્વકોશના પરામર્શક એવા શ્રી ચંદ્રકાંતભાઈ શેઠે કહ્યું, 'આનંદ એ વાતનો છે કે ઇન્દ્રનાથ ચૌધરી અને ધીરુબહેન પટેલ જેવાં સાહિત્યકારો આપણી વચ્ચે ઉપસ્થિત છે. મહાજન પરંપરાના કેટલાક ઉત્તમ અંશો રહ્યા છે તેમાંથી શ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈ ઉપસ્થિત છે. શ્રી ધીરુભાઈ ઠાકર અમારા માટે મહાન પ્રેરણાસ્રોત છે. આ કામ કરીએ છીએ તે એમની પ્રેરણાથી. ન કરીએ તો કશુંક ખોટું કરતા હોઈએ એમ લાગે. રસોડામાંથી શરૂ કરેલું કામ જ્ઞાનનું રસોડું થઈ ગયું ! આવા ગ્રંથોત્સવ તો અનેક થવાના છે અને ધીરુભાઈની શતાબ્દી પણ અહીં જ ઊજવીશું.

'બાળવિશ્વકોશમાં હું તો નિમિત્ત છું. બાકી આ કામ અનેક વ્યક્તિઓના સહયોગથી થયું છે. ચિત્રકાર શ્રી રજની વ્યાસ એની સજાવટનું સુંદર કામ કરે છે અને શ્રી અંજનાબહેન ભગવતી, શ્રી શ્રદ્ધાબહેન ત્રિવેદી, શ્રી અમલાબહેન પરીખ અને શ્રી શુભ્રાબહેન દેસાઈએ આ કામ ઉપાડી લીધું છે. અહીંના વિદ્વાનો પણ એટલી કાળજી

રાખે છે નહીંતર આ કામ શક્ય નથી. બાળકો માટે લખવું એ અઘરામાં અઘરું કામ છે. ગુજરાતી વિશ્વકોશના ૨૫મા ગ્રંથ વખતે બાળવિશ્વકોશનો પ્રથમ ભાગ પ્રગટ થયો. પ્રથમ ભાગમાં અકબરથી ઔષધો સુધીનાં, બીજા ભાગમાં કચ્છથી ગ્લૉબલ વૉર્મિંગ સુધીનાં અને ત્રીજા ભાગમાં ઘડિયાળથી થોર સુધીનાં અધિકરણો છે. ૧૮૦૦થી વધુ ચિત્રો ધરાવતા આ ત્રણ ભાગ કુલ ૯૪૮ પાનાંના છે. એનું કામ ઝડપભેર આગળ વધી રહ્યું છે. આ બાળવિશ્વકોશ સંસ્થાઓમાં અને બાળકોને ઉપયોગી થશે તો કૃતાર્થતાનો આનંદ થશે.'

પ્રાસંગિક પ્રવચન કરતાં ગુજરાતી વિશ્વકોશના ટ્રસ્ટી કુમારપાળ દેસાઈએ કહ્યું કે, 'આજે એક અનોખી વિશ્વસંસ્કૃતિ (યુનિવર્સલ કલ્ચર) આકાર લઈ રહી છે, ત્યારે માનવી ઇચ્છે કે ન ઇચ્છે તે વિશ્વમાનવી બની ચૂક્યો છે અને આવા સમયે એને પૃથ્વીના પટ પર પોતાનું અસ્તિત્વ જાળવી રાખવું હશે તો આસપાસની સૃષ્ટિ અને સંપૂર્ણ દુનિયાની જાણકારી મેળવ્યા વિના છૂટકો નથી. આજથી ૨૭ વર્ષ પહેલાં ૧૯૮૫ની બીજી ડિસેમ્બરે વિશ્વના જ્ઞાન અને તેની ગતિવિધિને ગુજરાતી ભાષામાં આપવાનો પ્રારંભ થયો. ભાષા, મૂલ્ય, સંસ્કૃતિ અને અસ્મિતાના સંવર્ધનનું આ કામ હતું. એમ કહે છે કે ગુજરાતી પ્રજા પાસે કબાટ હોય છે, પરંતુ તે વસ્ત્રો, અલંકારો અને સૌંદર્યપ્રસાધનોથી ભરેલાં હોય છે. કુટુંબો અને ઘરો નાનાં થયાં છે ત્યારે ઘરમાંથી સૌથી પહેલી વિદાય પુસ્તકોને મળે છે. વિશ્વકોશને શબ્દકોશ માનતા કેટલાય લોકોને વિશ્વકોશની વાત કરવાનું કામ આકાશ પર ચાદર પાથરવા જેવું કે થાળીમાં રાઈના દાણાને સ્થિર રાખવા જેવું કપરું કામ હતું, પરંતુ સહુના સહયોગથી રસ્તામાં જે પથ્થર નડતરરૂપ હતા તેને પગથિયાં બનાવીને વિકાસ સાધ્યો છે.

વિશ્વકોશની પ્રક્રિયા વિશે એમણે કહ્યું કે, એક અધિકરણ ગ્રંથસ્થ થાય તે પહેલાં ચોવીસ પ્રક્રિયામાંથી પસાર થાય છે. એક ગ્રંથ તૈયાર થાય તેમાં ૩૦૦થી વધુ લેખકોનો ઉદ્યમ હોય છે. ગુજરાતી, હિંદી અને મરાઠીને લગતા લેખો ભાષાંતર કરીને પણ આમાં મૂક્યા છે. વિશ્વકોશની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા બંગાળના શ્રી સ્વપન મજુમદારે કહ્યું કે, 'દેશમાં ચાલતી સૌથી વધુ જીવંત વિશ્વકોશ-પ્રવૃત્તિ છે'. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે 'વિશ્વકોશ એ ગ્રંથ નથી, પણ ભવિષ્યના ભારતના નિર્માણનો પુરુષાર્થ છે.' ભારતની લોકસભાના પૂર્વ સ્પીકર સોમનાથ ચેટરજીએ જણાવ્યું કે, 'આ સંસ્થા બીજાં રાજ્યો માટે ઉદાહરણરૂપ છે.' અને પૂ. મોરારિબાપુએ આને 'જ્ઞાનઋષિઓ દ્વારા ચાલતો યજ્ઞ' કહ્યો. આ યજ્ઞમાં સહુ કોઈએ પોતાનું અર્ઘ્ય અને આહુતિ હોમ્યાં છે. ગુજરાતના સંતો, શ્રેષ્ઠીઓ, વિદ્વાનો, વિજ્ઞાનીઓએ આમાં સાથ આપ્યો છે. જૂનાગઢની કૃષિ યુનિવર્સિટીના મદદનીશ



ગ્રંથપાલ શ્રી કાંતિલાલ ઠાકરે ગુજરાતી વિશ્વકોશને પાંચ લાખ રૂપિયાનું દાન કર્યું. એમના જીવનનો આ અંતિમ સમય હતો, ત્યારે એમણે વળી બીજા પાંચ લાખ રૂપિયા ગ્રંથશ્રેણી માટે સંસ્થાને આપ્યા. આમ વિશ્વકોશ એ અર્પણ, તર્પણ અને સમર્પણથી સર્જાયેલું વટવૃક્ષ છે. વિશ્વકોશે બાળવિશ્વકોશની સાથોસાથ હવે ચરિત્રકોશ અને પરિભાષાકોશનું કામ શરૂ કર્યું છે.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ પરિભાષાકોશ તૈયાર કરશે. પરિભાષામાં ભાષાની તાજગી, મહેક અને કૌવત પ્રતિબિંબિત થતા હોય છે. વિશ્વકોશમાં સાહિત્ય, વિજ્ઞાન અને ટૅકનૉલૉજી અને બીજા અનેક વિષયોની ગુજરાતી પરિભાષા એના લેખકો અને સંપાદકોએ ઊભી કરી છે. અનેક અજાણી સંકલ્પનાઓ અને વિચારો તળપદી પરિભાષા રૂપે મૂકવામાં આવ્યા છે. ભાષાને સમૃદ્ધ કરવાનો આ એક બહુ અગત્યનો તરીકો છે. તેથી એનો પરિભાષાકોશ ઘણી દૃષ્ટિએ મહત્ત્વનો બની રહેશે. એક અર્થમાં કહીએ તો વિશ્વનો જ્ઞાનયોગ, જનસમૂહનો ભક્તિયોગ અને વિદ્વાનોનો કર્મયોગ એ ત્રણેયનો ત્રિવેણી સંગમ છે.

હવે વિશ્વકોશ કોશની તાલીમશાળા યોજવાનું વિચારે છે અને સાથોસાથ ભાષાશુદ્ધિના પ્રયત્નો તેમજ કૉલેજો અને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે જુદા જુદા વિષયના પ્રમાણભૂત ગ્રંથો તૈયાર કરવાનું પણ વિચારે છે. ગુજરાતના કવિવર શ્રી ન્હાનાલાલે કહ્યું છે તેમ,

*'આશા છે, ઉત્સાહ છે, ઉમંગ છે, અને ઉદ્યમ છે,*
*તો શું છે અજિત આ અવનિમાં.'*

શ્રી ધીરુભાઈ ઠાકરે ગુજરાતી વિશ્વકોશના આરંભનો ઇતિહાસ આપ્યો હતો અને વિશ્વકોશના એ કાર્યને માટે કેટલી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો તેનો એમણે ચિતાર આપ્યો હતો. એમણે કહ્યું હતું કે 'હું મોડાસા કૉલેજમાંથી નિવૃત્ત થયો ત્યારબાદ થોડો સમય ગુજરાત યુનિવર્સિટીમાં વિશ્વકોશનો વિભાગ પૂ. મોટાના દાનથી ચાલતો હતો. ગુજરાત સરકારે વિશ્વકોશના સમગ્ર પ્રકલ્પને માટે ગ્રાંટ આપવાની તૈયારી ન બતાવી તે કારણે એ વિભાગ બંધ થતા હું કરેલા કામનું પોટલું યુનિવર્સિટીને સોંપીને ઘેર આવ્યો. આશરે પાંચ વર્ષ બાદ મારે વિસનગર વ્યાખ્યાન માટે જવાનું થયું, ત્યાં મારા જૂના મિત્ર અને સામાજિક કાર્યકર સાંકળચંદ પટેલને મળવાનું થયું. તેમની સાથે વિશ્વકોશ ગુજરાતને માટે કેટલો ઉપયોગી છે તેની મેં તેમને વાત કરી. સરકાર મદદ ન કરે તોપણ જો એ પ્રજાને માટે ઉપયોગી હોય તો કરવું જ જોઈએ એમ તે માનતા હતા એટલે તેમણે મને કહ્યું કે જો તમે આ કામ ઉપાડતા હો તો નાણાંની જવાબદારી હું લઈશ.

તેને કારણે ટ્રસ્ટ રચાયું. અમે કામ શરૂ કર્યું. વિવિધ વિષયના નિષ્ણાતો, અધ્યાપકો

અને લેખકોનો સંપર્ક કર્યો. પહેલાં વીસ અને પછી પચીસ ગ્રંથોનું આયોજન કર્યું. કામ શરૂ કર્યું. પહેલે વર્ષે સાંકળચંદ પટેલે ૧૩ લાખ રૂપિયા ખર્ચ્યા પણ પછી તરત તેમનું અવસાન થયું. તેને કારણે કટોકટી ઊભી થઈ પણ કેટલાક દાનવીરો અને ઉદ્યોગગૃહોની મદદથી અમે રેતીમાં વહાણ ચલાવ્યું. ૨૪ વર્ષમાં ૨૫ ગ્રંથો બહાર પાડી શક્યા, પછી તો સહુ જાણે છે તેમ સરકારે પણ મદદ કરી. મકાન માટે પ્લોટ નિઃશુલ્ક આપ્યો, ગ્રાંટ આપી, ગુજરાતના સર્વાંગીણ વિકાસ માટે ભૂમિકા તૈયાર થઈ. અત્યારે વિવિધ વિષયોના વિશ્વકોશો તૈયાર કરવા ઉપરાંત સૂચિ, સ્વાધ્યાય, સંશોધન, અધ્યયન અને અધ્યાપનને ઉપયોગી સામગ્રી તૈયાર કરવાનું કામ ચાલે છે. ગુજરાતના વિકાસમાં વિશ્વકોશે સર્જેલી શાંત ક્રાંતિનો ફાળો ભવિષ્યમાં ઇતિહાસકારે નોંધવો પડશે.'

એમણે વધુમાં કહ્યું કે, 'વિશ્વકોશ કાર્યાલયમાં વિદ્વાનો અને તેમના મદદનીશો સહુ કોઈ વિશ્વકોશને સમર્પિત છે. એટલે જ આટલા નાના સ્ટાફ દ્વારા ૧૭૦૦ જેટલા બહારના લેખકોનું કામ થઈ શક્યું છે તેને હું ઈશ્વરની કૃપા માનું છું. મારી જાતને હું માત્ર નિમિત્ત ગણું છું. બાકી સઘળું શ્રેય વિશ્વકોશના વિદ્વાનો અને સાથીઓનું છે.'

ગુજરાતી સાહિત્યનાં લેખિકા શ્રી ધીરુબહેન પટેલે કહ્યું, 'ગુજરાતી બાળવિશ્વકોશના બીજા અને ત્રીજા ભાગનું વિમોચન કરવાનું મને સોંપ્યું, એનો હું ખૂબ આનંદ અનુભવું છું.'

હિંદીના પ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી ઇંદ્રનાથ ચૌધરીએ વિશ્વકોશ ખંડ-૬ (ભાગ ૧-૨) તથા 'કેટલાક સાહિત્યિક વિવાદો', 'ગાંધીજી અને પાંચ સાક્ષરો', 'સર સી. વી. રામન', 'રસાયણવિજ્ઞાનનો ઇતિહાસ', 'માનવ જનીનવિજ્ઞાન', 'સમાજ, વ્યક્તિ અને કાયદો', 'પર્યાવરણસંહિતા', 'સ્વાધ્યાય વિશેષ' અને 'તરસ્યા મલકનો મેઘ' (દ્વિતીય આવૃત્તિ) – એમ નવ પુસ્તકોનું વિમોચન કરતાં કહ્યું, 'ગુજરાતી ભાષામાં તૈયાર થયેલો આ વિશ્વકોશ ભારતીય ભાષાના વિશ્વકોશોમાં આગવી વિશેષતા ધરાવે છે. વિશ્વકોશના પ્રારંભ પૂર્વે વિશ્વકોશમાં આવનારા તમામ અધિકરણોની સૂચિ 'ભૂમિકા ખંડ'માં આપવામાં આવી હતી. આવું કાર્ય ભારત કે વિશ્વમાં કોઈએ કર્યું નથી. ૧૬૯ જેટલા વિષયોમાં એકત્રિત કરવામાં આવેલો આ જ્ઞાનસંચય એની પ્રમાણભૂતતા, વિશદતા અને વ્યાપકતાને કારણે અનોખો છે.

શ્રી ઇંદ્રનાથ ચૌધરીએ વધુમાં કહ્યું, '૨૫ ગ્રંથમાં ૨૫ હજાર પૃષ્ઠો એને હું ઘણો મોટો યજ્ઞ ગણું છું. અને મારી દૃષ્ટિએ ધીરુભાઈ એ પુરાણપુરુષ છે. પુરાણનો અર્થ પ્રાચીન નથી, એ તો હંમેશાં નવા નવા રૂપે ઉપસ્થિત થાય છે. ધીરુભાઈ સદાય નવા જ છે. તેઓ સહેજે વૃદ્ધ નથી. તેઓ પોતાને આ કાર્યમાં નિમિત્તમાત્ર કહે છે તે એમનો વિનય

**(અનુસંધાન સોળમા પાને)**





# મારી વહાલી ગુજરાતી ભાષામાં

બાળવિશ્વકોશનાં આ સુંદર પુસ્તકો હાથમાં લેતાંવેંત પહેલો પ્રશ્ન એ થાય છે કે બાળકો માટે આપણે આટલો બધો પરિશ્રમ શા સારુ કર્યો હશે ? વસ્તુતઃ આ પરિશ્રમ આપણે માત્ર બાળકો માટે નથી કર્યો, આપણું વડીલપણું જોખમાય નહીં એ સારુ કર્યો છે. આજનું બાળક ઘણું ચતુર છે. એના પ્રશ્નોનો આપણે ઉડાઉ જવાબ આપીએ તો મૂંગે મોંએ સ્વીકારી લે એવું નથી. કદાચ એના એક પ્રશ્નમાંથી અનેક પ્રશ્નોની પરંપરા પણ ઊભી થાય. એના સાચા જવાબો આપવા માટે આપણો જ્ઞાનરાશિ સમૃદ્ધ હોવો જોઈએ. ન હોય તો આપણે ડગલે ને પગલે વિદ્વાનોની મદદ લેવી પડે. સદ્ભાગ્યે પૂ. ધીરુભાઈ ઠાકરે જ્ઞાનાર્જન અને જ્ઞાનવિતરણ માટેની જે તપસ્યા આદરી છે તે માત્ર વિશ્વકોશના પ્રકાશન સાથે પૂરી થઈ નથી. હજી એમની આંખોમાં અવનવાં સ્વપ્નાં તરે છે અને ઉદાર શ્રેષ્ઠીઓ તથા નિષ્ઠાવાન વિદ્વાનોની મદદથી સાકાર રૂપ ધારણ કરે છે. એવું એક સ્વપ્ન તે આ બાળવિશ્વકોશ. હું તો માનું છું કે આ કોશ માત્ર બાળકો માટે નથી, આપણે માટે પણ છે. કદાચ આપણે માટે આ વધારે જરૂરી છે. કારણ કે એના વાચનથી આપણે બાળકોની જિજ્ઞાસાને સારી રીતે સંતોષી શકીશું અને એમનો આદર અને સ્નેહભાવ જીતી શકીશું.

શ્રી ચંદ્રકાન્ત શેઠ અને એમના સહકાર્યકરોની લગનીને લીધે અસ્તિત્વમાં આવેલો આ કોશ શ્રી રજનીભાઈ વ્યાસની સૌંદર્યદૃષ્ટિને કારણે એવો આકર્ષક બન્યો છે કે હાથમાંથી મૂકવાનું મન ન થાય. ઉત્તમ મુદ્રણના નમૂના જેવો આ કોશ વાંચતાં આ જમાનાની અસરને લીધે આપણને એવો વિચાર પણ આવી જાય કે આવું સુંદર પુસ્તક અંગ્રેજીમાં કર્યું હોત તો કેવું સારું થાત ! પણ આપણે ભૂલી જઈએ છીએ કે અંગ્રેજીમાં તો આ પ્રકારનું કામ કરનારા ઘણા છે જ્યારે ગુજરાતીમાં આ વિશે વિચારનારા અને વિચારને મૂર્તિમંત કરનારા કેટલા વિરલ છે ! તમને જો તમારી માતૃભાષા માટે સાચો પ્રેમ હોય તો તમને તરત થશે કે આવું ઉમદા કામ મારી વહાલી ગુજરાતી ભાષામાં થયું તે કેટલી મોટી વાત છે ! હું તો માનું છું કે આ તો હજી પાશેરામાં પહેલી પૂણી છે. આવી ગ્રંથપરંપરા આપણી ભાષામાં હોવી જ જોઈએ અને નિરંતર ચાલવી જ જોઈએ જેથી અન્ય ભાષાના લોકો પણ આપણો વિદ્યાપ્રેમ જોઈ મુગ્ધ થાય અને ગુજરાતી શીખવા પ્રેરાય.

બહુ વધારે પડતું લાગે છે આ ? ચોપડીઓ ખરીદવી, ઘરમાં વસાવવી અને વાંચવી એ આપણા સમાજની આદત નથી – ખરું ને ? બાળકો માટે મોંઘાં ટીશર્ટ કે બૂટ લેતાં આપણને કિંમત નડતી નથી કારણ કે એ વસ્તુઓ સમાજમાં આપણું સ્થાન ક્યાં છે તેનો નિર્દેશ કરે છે. જ્યારે ચોપડીઓ ? એ તો ઘરમાં જગ્યા રોકે, ધૂળ ખાય અને બાળકો

મોટાં થાય એટલે નકામી થઈ જાય. હા. એને ભણવા માટે કે સંસારમાં આગળ વધવા માટે આપવી પડતી વિવિધ પરીક્ષાઓ માટે એ જરૂરી હોય તો આપણે ખરીદવી પડે. અને પરીક્ષાઓ પતતાં લગી ઘરમાં રાખવીયે પડે. એ વાત જુદી. બરોબર ને ?

આવી માનસિકતામાંથી આપણે ક્યારે છૂટીશું ? ક્યારે સમજીશું કે કશાક લાભ ખાતર નહીં, માત્ર સ્વાન્તઃ સુખાય જિજ્ઞાસા સંતોષવાનો કેવો અનેરો આનંદ છે !

આપણા દુર્ભાગ્યે, આપણી તમામ પ્રવૃત્તિઓનો અંત આપણને એનાથી કેટલો ભૌતિક લાભ થયો એમાં જ દેખાય છે. દરેક લાભ શું ભૌતિક અને સ્થૂળ જ હોય ? જેનાથી આપણને સાહજિક આનંદ સાંપડે, આપણું વ્યક્તિત્વ ઘડાય, આપણે આપણા ક્ષુલ્લક અને ક્ષણજીવી વિકાસ ને પ્રગતિને ભૂલીને જીવનના મર્મને સ્પર્શી શકીએ એ શું સૌથી મોટો અને મૂલ્યવાન લાભ નહીં ? આપણાં બાળકો કોઈ પણ મહત્ત્વના વિષયમાં કુતૂહલ ધરાવે અને એ સંતોષી શકે એ બાબત કેટલી મોટી છે ? એ પ્રક્રિયામાં જે મદદગાર થાય તે લોકો આપણે માટે કેટલા મહાન છે તે ક્યારે સમજીશું ? આપણે જે કરવું જોઈએ તે આપણા બદલે એ લોકો કરે છે અને એમની પ્રવૃત્તિનાં સુફળ આપણને ધરે છે એ એમનો કેટલો મોટો ઉપકાર છે ! હું તો હૃદયપૂર્વક એમનો આભાર માનું, કારણ કે આપણી પાસે સમય નથી, ક્ષમતા નથી છતાં એમને લીધે આપણે આપણાં બાળકો સમક્ષ ઊજળું મોં લઈને ઊભા રહી શકીએ છીએ.

તમને લાગશે કે યાંત્રિક પ્રગતિના આ જમાનામાં એક ચાંપ દાબતાં માહિતીના ભંડાર ઠલવાય ત્યાં મારી આ વાત બાલિશ અને અતિશયોક્તિભરી નથી ?

નથી, બિલકુલ નથી અને એનું કારણ છે કે બાળક પોતાની મેળે જે અદ્યતન અને સાચી માહિતી મેળવી શકે છે તે એને માટે જરૂરી છે અને એના અભ્યાસમાં સરળતા કરી આપે છે એ સ્વીકારવા છતાં બાળક જ્યારે આપણને કોઈ પ્રશ્ન પૂછે અને આપણે એને જવાબ આપીએ ત્યારે જે આત્મીયતાનો સ્પર્શ અનુભવાય છે તે ઘણો જ કીમતી છે. એને લીધે જ બાળકો અને વડીલો વચ્ચે એક સુદૃઢ સ્નેહસેતુ રચાય છે, જે માત્ર નાનપણમાં જ નહીં પણ જિંદગીભર રહે છે અને આપણને સાચા અર્થમાં સમૃદ્ધ કરે છે. એવી તક આપણને આપવા બદલ આપણે સૌએ બાળવિશ્વકોશની કલ્પના આ ગ્રંથો રૂપે સાકાર કરી રહેલા સૌનો આભાર માનવો જોઈએ અને એનો ઉપયોગ કરીને એમને ખાતરી કરાવવી જોઈએ કે એમની મહેનત સાર્થક થઈ છે !

**– ધીરુબહેન પટેલ**

*(ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના બાળવિશ્વકોશના ભાગ ૨ અને ૩ના વિમોચન સમયે આપેલ વક્તવ્યમાંથી)*





# વાઘનો વાડો (ટાઇગર ફાર્મ)

વન્યજીવોમાં વાઘ સૌથી વધારે ખૂંખાર અને ક્રૂર પ્રાણી છે તે આપણે સહુ જાણીએ છીએ. તેથી જ ભૂતકાળમાં રાજા-મહારાજાઓ વાઘનો શિકાર કરવાનો શોખ ધરાવતા હતા. પોતે કે પોતાના બાપ-દાદાએ હત્યા કરેલ વાઘની ખાલ પોતાના દીવાનખાનામાં રાખી ગૌરવ લેતા હતા. મૃત વાઘના દરેક અંગ-ઉપાંગની પણ આજકાલ ઘણી કિંમત ઊપજે છે. તેથી વાઘનો શિકાર કરવો તે કાયદેસર ગુનો ગણાતો હોવા છતાં કેટલાય લોકોનો લોભ તેનો શિકાર કરી કમાણી કરે છે. પરિણામે દુનિયામાં અને આપણા દેશમાં વાઘની વસ્તી એટલી હદે ઘટી ગઈ છે કે સરકારે ઠેર ઠેર વાઘનાં અભયારણ્યો જાહેર કર્યાં છે. વાઘને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કરેલ છે. આપણાં પુરાણોમાં તો વાઘ દેવીનું વાહન ગણાય છે અને તેની પૂજા થાય છે. ભારતમાં એક સદી પહેલાં વાઘની સંખ્યા ૪૦,૦૦૦ હતી તે ઘટીને થોડાં વર્ષ પહેલાંની વસ્તીગણતરી પ્રમાણે તે સંખ્યા ૧૪૧૧ની થઈ ગઈ છે. જો આમ જ ચાલ્યું તો થોડાં વર્ષોમાં આપણાં બાળકોને વાઘની ઓળખ ડાયનોસૉરની જેમ ચિત્રમાં આપવી પડશે. આ વાત નિરાશાવાદીની નથી. દુનિયાના ઘણા વિસ્તારોમાં વાઘની વસ્તી અતિ લુપ્ત થઈ ગઈ છે. છેલ્લાં ૫૦ વર્ષમાં વાઘની ત્રણ ઉપજાતિ લુપ્ત થઈ ગઈ છે. 'સાઉથ ચાયના ટાઇગર' તરીકે ઓળખાતી ચોથી જાતિ લુપ્ત થવાની અણી પર છે. ૧૯૫૦ના દાયકામાં કાસ્પિયન સમુદ્રની આસપાસ વસતા વાઘ લુપ્ત થઈ ગયા છે. ૧૯૩૭થી ૧૯૭૨ દરમિયાન બાલી અને જાવાના ટાપુઓમાં વસવાટ કરતી વાઘની વસ્તી અદૃશ્ય થઈ ગઈ. સાઉથ ચાયના ટાઇગર કે જે વધુમાં વધુ ૨૦થી ૩૦ બચ્યા છે તે લગભગ લુપ્ત થઈ જવામાં છે.

વાઘની વસ્તીમાં ધરખમ ઘટાડા પાછળ ત્રણ મુખ્ય કારણોનો ફાળો છે. માણસની લોભવૃત્તિ, ભય અને કુદરતી નિવાસોની ઘટ.

વાઘ બિલાડી(cat)ની જાતનું પ્રાણી છે. વાઘ આ જાતના મોટામાં મોટા પ્રાણી કરતાં પણ મોટું પ્રાણી છે. ભારતમાં મળી આવતા વાઘનું વૈજ્ઞાનિક નામ 'પાન્થેરા ટાઇગ્રિસ' છે. તેનો વર્ગ 'મેમલિઆ' છે. તેની શ્રેણી 'કાર્નિવોરા' છે. તેનું કુળ 'ફેલિડાઈ' છે. વાઘની લંબાઈ ૧૦ ફૂટ અને વજન ૫૭૫ પાઉન્ડ હોય છે. વાઘની છ ઉપજાતિ છે તેમાં સૌથી મોટા સાઇબીરિયન વાઘ છે; પરંતુ અત્રે તસવીરમાં ૧૧ વાઘ દેખાય છે. સામાન્યતઃ વાઘ આવી રીતે જૂથમાં વળગી રહેતા હોય છે. બિલાડી (Cat) જાતનું વાઘ જ એક એવું પ્રાણી છે જે સામાજિક છે. તો પ્રશ્ન એ થાય કે અહીં આટલા બધા વાઘ કેવી રીતે એકઠા થઈ ગયા હશે. છેક ઉપર ડાબી બાજુ આવેલા વાઘનો પેટનો ભાગ જુઓ. તેવી જ રીતે કારની બાજુમાં જમણી બાજુ છેલ્લે આવેલ વાઘની તસવીર જુઓ.

તેનું ટબ આકારનું પેટ જુઓ. સંભવતઃ તે માદા વાઘ ગર્ભવતી હોય અથવા વાઘના વાડામાં વધારે પડતો ખોરાક આપવામાં આવતો હોય. તે તસવીર હેલ્લોન્ગજીઆંગ નૉર્થ-ઈસ્ટ ટાઇગર ફૉરેસ્ટ પાર્કમાંની છે. તે દૂર ઉત્તર-પૂર્વના ચીનમાં આવેલ છે. તેમાં ૫૦૦થી ૮૦૦ વાઘ છે. આ પાર્કની શરૂઆત ૧૯૮૬માં થઈ ત્યારે તેમાં માત્ર આઠ વાઘ હતા. તેમાંથી તેની સંખ્યા અંતઃપ્રજનનથી (in-breeding) ૫૦૦થી ૮૦૦ની થઈ છે. ચીનમાં આ રીતે વાઘ બચાવવા વાઘના વાડા એટલે 'ટાઇગર ફાર્મ' સ્થાપવામાં આવ્યાં છે.

સાઇબીરિયન વાઘ કે જેનું વૈજ્ઞાનિક નામ પાન્થેરા ટાઇગ્રિસ આલ્ટાલ્કા છે તે આમુર ટાઇગર તરીકે જાણીતા છે. આંતરરાષ્ટ્રીય સંસ્થા 'ઇન્ટરનૅશનલ યુનિયન ફૉર કન્ઝર્વેશન ઑફ નેચર'(આઇયુસી)એ લુપ્તપ્રાયઃ છે તેવી જાતિઓની એક યાદી બનાવી છે. તેને 'રેડલિસ્ટ' કહે છે. આમુર ટાઇગરનો સમાવેશ એ યાદીમાં છે. જંગલમાં ખુલ્લામાં વસતા મોટા ભાગના સાઇબીરિયન વાઘ રશિયામાં છે. તેની સંખ્યા ૪૦૦ની છે. કેટલાક ચીનમાં છે. જંગલમાં ખુલ્લામાં વસતા સાઇબીરિયન વાઘમાં ટાઇગર પાર્કમાં અંતઃપ્રજોત્પાદન (In-breeding) થયેલું તેવી રીતે જ અત્રે પણ અતઃપ્રજોત્પાદન થયું હતું. કારણ કે ૨૦મી સદીમાં તેઓ મોટા આનુવંશિક અંતરાયમાંથી પસાર થયા હતા. તે દરમિયાન ૯૫ ટકા વાઘ મૃત્યુ પામ્યા હતા. ૧૯૩૦ના દાયકામાં સાઇબીરિયન વાઘ આશ્ચર્યજનક રીતે કહી શકાય તેમ પુનઃ પ્રગટ્યા ત્યારે તેની વસ્તી તો ઘટીને માત્ર ૨૦થી ૩૦ની થઈ ગઈ હતી.

તેનો અર્થ એ થાય કે ચીનના પાર્ક(વાઘના વાડા)માં સેંકડો સાઇબીરિયન વાઘ છે અને રશિયાનાં જંગલોમાં સાઇબીરિયન વાઘ છે. તેમનું જનીનિક વૈવિધ્ય માત્ર ૧૪ વ્યક્તિગત વાઘ જેટલું જ છે. જનીનિક વૈવિધ્ય લુપ્તપ્રાયઃ થવા માટે સારું માર્ગદર્શક પૂરું પાડે છે.

વાઘ ઉપર જોખમ તેના કુદરતી આવાસોના ઘટાડાના લીધે અને શિકારને લીધે છે. તેની ખાલ દીવાનખાના કે તેની દીવાલો શણગારવા માટે વપરાય છે. તેનાં હાડકાં અને બીજાં અંગ-ઉપાંગો પરંપરાગત એશિયન ઔષધો અને ટૉનિકમાં વપરાય છે. એક હત્યા કરેલ વાઘની કિંમત ૬૦ લાખ ગણાય છે, તેની ખાલ ૧૦થી ૧૨ લાખ રૂપિયામાં વેચાય છે. માણસનું આળસુપણું અને ચહેરા પરના ખીલના ઉપચારમાં વાઘના મગજનો ઉપયોગ થાય છે. તેના દાંતનો ઉપયોગ હડકવા, દમ અને પુરુષના ગુપ્તાંગ આળાં થઈ જતાં પીડા થતી હોય તો તેના ઉપચારની દવામાં તેનો ઉપયોગ થાય છે. તેની મૂછોનો ઉપયોગ દાંતના દુઃખાવાની દવામાં, બાળકોને આવતી આંચકીના ઉપચારમાં તેનો પિત્તરસ, ચામડીના દર્દોના ઉપચારમાં તેની પૂંછડી, બાળકોમાં ઉલટી થતી હોય તો તેના ઉપચારમાં વાઘની ચરબી, બાળકને કૂતરું કરડે, રક્તસ્રાવ થતો હોય, વાળની નીચેની ખોપરીની





એકસાથે ૧૧ વાઘની તસવીર


બીમારી હોય તેવા ઉપચારમાં તેની ચરબી વપરાય છે. માનસિક બીમારીના ઉપચારમાં તેની ચામડી વપરાય છે. 'વિલ પાવર' મજબૂત કરવામાં તેનું રક્ત વપરાય છે. આમ ચીનમાં વાઘનાં દરેક અંગ-ઉપાંગ ત્યાંની દેશી ઉપચારપદ્ધતિમાં વપરાય છે.

આખા એશિયામાં જંગલી વાઘ માત્ર ૩૨૦૦ બચ્યા છે. તેથી વર્લ્ડ વાઇલ્ડ લાઇફ (WWF) તેનો ગેરકાયદેસર વેપાર અટકાવવા પ્રયત્નશીલ છે. તે જંગલી વાઘની વસ્તી ૨૦૨૨માં બમણી કરવાની નેમ ધરાવે છે.

વાઘ બિલાડી(cat)ની જાતનું સૌથી મોટું પ્રાણી છે. વાઘ મગરમચ્છનો શિકાર કરી આખેઆખો ખાઈ જાય છે. તેમ છતાં તે લોહીતરસ્યું પ્રાણી નથી અને તે ટેવથી માણસખાઉં નથી. તે એક કૂદકામાં ૩૦ ફૂટ કૂદે છે. તે શક્તિશાળી તરવૈયો છે. તરતાં તરતાં પણ શિકાર કરે છે. તેની ગર્જના બે માઈલ દૂર સંભળાય છે. એક વાઘ એક જ ભોજનબેઠકે ૬૦ પાઉન્ડ તાજું માંસ ખાઈ જાય છે. તે બેથી ત્રણ દિવસો ખાધા વગર રહી શકે છે. તે રાત્રિના અંધકારમાં જોઈ શકે છે. માનવી કરતાં તેની દૃષ્ટિ છગણી વધારે સારી છે. તેની શ્રવણેન્દ્રિય ખૂબ જ તીવ્ર હોય છે. વાઘના શરીર પરના પટ્ટા (strips) માનવી ફિંગરપ્રિન્ટ જેવા છે. કોઈ બે વાઘના પટ્ટાની ભાત એકસરખી નથી હોતી. વાઘ અઢાર કલાક ઊંઘે છે. એક નર વાઘ બીજા નર વાઘના બચ્ચાને ક્યારેક મારીને ખાઈ જાય છે. વાઘણને પોતાની માદા બનાવીને લઈ જાય છે.

– વિહારી છાયા

# ભારતીય સાહિત્યમાં એક જ મન્ટો છે !



ભાગ્યે જ કોઈ એવો સાહિત્યપ્રેમી હશે જેણે ઉર્દૂના મહાન વાર્તાકાર સઆદત હસન મન્ટોનું નામ નહીં સાંભળ્યું હોય... ૧૨–૫–૧૯૧૨ના દિવસે અખંડ હિંદુસ્તાનમાં જન્મેલા આ વાર્તાકાર દંતકથાના માણસ બની ગયા. દરેક કૉલમ લખવાવાળા આજે મન્ટો વિશે બે વાત પોતા તરફથી ઉમેરી દે તોય ચાલી જાય એટલી હદે એના વિશે વાતો થઈ છે. આમ પણ એ પોતે ક્યાં પોતાના સર્જન વિશે ગંભીર હતો ? જિંદગીનાં છેલ્લાં બે-ત્રણ વર્ષમાં એણે ૨૦ રૂ.ની એક લેખે વાર્તા લખી હતી ! એક વાર ઉપેન્દ્રનાથ અશ્કે (જેમણે 'મન્ટો : મેરા દુશ્મન' લખેલ) મન્ટોને કહેલ : 'હું જ્યારે પ્રકાશન શરૂ કરીશ ત્યારે તારી ત્રીસ ઉત્તમ વાર્તાઓ છાપીશ. બોલ કેટલા ટકા રૉયલ્ટી લઈશ ?' મન્ટોએ જવાબ આપેલો : 'રૉયલ્ટી-વોયલ્ટીની વાત છોડ. તું આજે જ મને પાંચસો રૂ. રોકડા આપી દે... પછી જોઈએ તો કયામતના દિવસ સુધી તું મારી વાર્તાઓ છાપતો રહેજે...'

લગભગ ૨૦૦ જેટલી વાર્તાઓ, ૧૦૦ ઉપર રેડિયો-નાટક લખનાર મન્ટોએ ૭-૮ ઉત્તમ ચરિત્રચિત્રણો લખ્યાં છે. વિખ્યાત નૃત્યાંગના સિતારાદેવીએ તો પોતા પરના લેખથી અકળાઈ જઈ મન્ટોને મારવા માટે મારા રોકેલા ! હિન્દી સિનેમાજગત સાથે સીધા સંકળાયેલા મન્ટોએ લગભગ આઠેક ફિલ્મોની પટકથા અને સંવાદ પણ લખેલાં અને 'આઠ દિન' નામની ફિલ્મમાં મિત્ર અશોકકુમારના આગ્રહથી પાગલનો નાનકડો રોલ પણ ભજવેલો. પણ ૧૯૪૮નો અમાનુષી માહોલ એને પાકિસ્તાન લઈ જાય છે. ટોળાં સામે વ્યક્તિ કશું જ નથી એનો અનુભવ થયા પછી મન્ટોએ મુંબઈ છોડેલું તે એને ભાંડનારા સૌએ યાદ રાખવું પડે. જિંદગીની છેલ્લી ક્ષણ સુધી ભારતને ઝંખનાર, માત્ર કબર માટે પાકિસ્તાન પહોંચનાર મન્ટો સંપૂર્ણપણે ભારતીય લેખક છે. આમ પણ સાહિત્યકારને જમીન પર દોરાતી લકીર પરદેશી નથી બનાવી શકતી. કારણ સર્જક હંમેશાં સંસ્કૃતિ, ભાષા અને ઇતિહાસથી બંધાય છે, રોજેરોજ બદલાતી ભૂગોળથી નહીં. એટલે જ મન્ટો કદી પણ પાકિસ્તાનમાં ગોઠવાઈ ન શક્યા. 'હું હાલતુંચાલતું મુંબઈ છું' એવું કહેનાર મન્ટો છેલ્લા શ્વાસ સુધી ભારતને ઝંખતા રહેલા.

માનવીય ભૂમિકાએ રહીને લખનાર આ સર્જકની સાહિત્યિક ભૂમિકાને ધર્મ, પરંપરા અને ન્યાયપ્રણાલી બધાંએ ભેળાં મળીને દંડને યોગ્ય ગણી. એની કુલ પાંચ વાર્તાઓ 'કાલી સલવાર', 'ધુંઆં', 'બૂ', 'ઠંડા ગોશ્ત' અને 'ઉપર, નીચે ઔર દરમ્યાન' – પર



અશ્લીલતાના મુદ્દે કેસ થયા. પાકિસ્તાન ગયા પછી લખાયેલી વાર્તા 'ખોલ દો' પર કેસ તો ના થયો પણ આ વાર્તા છાપનાર સામયિક 'નક્શ'ના અંકો જપ્ત થયા અને તેના પ્રકાશન પર છ મહિનાનો પ્રતિબંધ મુકાયો. 'ઠંડા ગોશ્ત' છાપવા બદલ 'જાવેદ' સામયિક દંડાયું. આજે આટલાં વર્ષો પછી મન્ટોની આ તમામ વાર્તાઓ આપણી સામે પ્રશ્ન ઊભા કરે છે. ખરેખર આ વાર્તાઓમાં એવું કોઈ અશ્લીલ તત્ત્વ છે ખરું, જેના કારણે મન્ટોને જીવ્યા ત્યાં સુધી અદાલતોનાં ચક્કર કાપવાં પડ્યાં ? હકીકતે મન્ટોની વાર્તાઓ પીડાની ચીસ છે. વાતાવરણ, માહોલ, જમાનો જે કહો તે જ્યારે નાકાબિલે બર્દાશ્ત (અસહ્ય) થયો હશે ત્યારે જ એણે કલમ ઉપાડી હશે. જ્યાં ક્યાંય માનવતાને હાનિ પહોંચતી દેખાઈ કે માણસને હેવાન બનતો જોયો ત્યાં મન્ટોની કલમ ચાબખાની જેમ વીંઝાઈ છે. એ કહે છે : 'જમાનાના જે દોરમાંથી આપણે અત્યારે પસાર થઈ રહ્યા છીએ, એનાથી જો તમે બેખબર હો તો મારી વાર્તાઓ વાંચો ! જો તમે આ વાર્તાઓને સહન ના કરી શકો તો માનજો કે આ જમાનો જ નાકાબિલે બર્દાશ્ત (અસહ્ય) છે. ...મને વિવાદો ઊભા કરવામાં કોઈ રસ નથી... હું સભ્યતા-સંસ્કૃતિ અને સમાજનાં કપડાં શું ખાક ઉતારવાનો ! એ તો પહેલેથી જ નગ્ન છે.'

આજે આટલાં વર્ષો પછી પણ મન્ટોની વાર્તાઓ એનો શારી નાખે એવી વ્યંગ એટલો જ પ્રસ્તુત છે. હિંદુ-મુસ્લિમ રાજનીતિ, કોમી હુલ્લડો, ભારત-પાકિસ્તાન કે અમેરિકાની વિદેશનીતિ આ બધાં પર નજર કર્યા પછી કોઈ મન્ટોની વાર્તાઓ વાંચશે તો આશ્ચર્ય થશે કે આ સર્જક પોતાના સમયથી કેટલો બધો આગળ હતો ! ભારતના ભાગલાને વિષય બનાવતી 'ટોબા ટેકસિંહ' જેવી વાર્તા સમગ્ર ભારતીય સાહિત્યમાં કદાચ એક જ હશે. 'ખોલ દો', 'ખુદા કી કસમ', 'ટેટવાલ કા કૂત્તા', 'યઝીદ' વગેરે વાર્તાઓમાં ભાગલાના સમયની સંકુલ પરિસ્થિતિનું, ભારતીય સમાજ તથા માનવમન બેઉની જટિલતાનું તથા ઘાયલ ઇન્સાનિયતનું વાસ્તવિક આલેખન થયું છે. 'ખોલ દો' કે 'ઠંડા ગોશ્ત' જેવી વાર્તાઓ પર થયેલા ઊહાપોહ સંબંધે મન્ટો લખે છે : 'મારી વાર્તાઓમાં જ્યાં તમને નગ્નતા દેખાય છે ત્યાં મને માનવતા દમ તોડતી દેખાય છે. માફ કરજો, પણ મને એ દમ તોડતી દેખાશે ત્યાં મારી કલમ પૂરી શક્તિથી ચાલશે....'

ઉઘાડી આંખે દેખાતા સત્યથી મન્ટોએ કદી આંખ નથી ફેરવી. માનવકાયા એ માનવ-અસ્તિત્વની સૌથી મોટી સચ્ચાઈ છે એ વાત મન્ટો 'સ્વરાજ્ય કે લિયે'માં પણ સ્વીકારે છે. 'બૂ' કે 'પાંચ દિવસ' વાર્તામાં પણ સ્વીકારે છે. શારીરિક સત્ય સાથે સંકળાયેલી સંવેદનાઓને, મૂંઝવણોને એ નિખાલસપણે, પૂરી પ્રામાણિકતાથી આલેખે છે. અને એટલે જ આ વાર્તાઓ આજે આટલાં વર્ષો પછી પણ વંચાતી રહી છે. મન્ટોની 'હતક', 'પુશિયા' કે 'લાઇસન્સ' જેવી વાર્તાઓ આપણને સમજાવે છે કે કોઠા પર બેસી શરીર વેચનારી

પહેલાં સ્ત્રી છે પછી વેશ્યા છે. આ સ્ત્રીએ જીવવા માટે જે રસ્તો અપનાવ્યો એ એની પોતાની પસંદ હતી કે સમાજની વ્યવસ્થાએ એને એ વ્યવસાય માટે ફરજ પાડી ? મન્ટોને કહેવું માત્ર એટલું જ છે કે શરીરનો વેપાર હંમેશાં આત્માનો-અસ્તિત્વનો વેપાર નથી હોતો. એ લખે છે : 'વેશ્યાનું મકાન એક એવો જનાજો છે જેને સમાજે પોતાની કાંધે ઉઠાવેલ છે. સમાજ જ્યાં સુધી આ જનાજાને ક્યાંય દફન નહીં કરે ત્યાં સુધી એના સંદર્ભે વાતો થતી જ રહેશે.'

મન્ટોના આ શતાબ્દી વર્ષમાં વાચકો એની વાર્તાઓ વાંચીને પોતાની રીતે મન્ટોને પામવા કોશિશ કરશે જ એવી શ્રદ્ધા સાથે હું અહીં મન્ટોના ધારદાર વ્યંગના બે-ત્રણ નમૂના મૂકીને મારી વાત પૂરી કરીશ.

૧૯૫૧થી ૧૯૫૪ સુધીમાં મન્ટોએ 'ચાચા સામકે નામ' કુલ નવ પત્રો લખ્યા હતા. જેમાં અમેરિકાની ગંદી રાજનીતિ અને ભારત-પાકિસ્તાનની ત્યારની હાલત પરનો એનો તીખો, તૂરો વ્યંગ માણવા જેવો છે. એમાંથી એક નમૂનો : 'મારી નિશાળમાં ભણતી ભત્રીજીએ મને દુનિયાનો નકશો દોરી આપવા કહ્યું. મેં એને કહ્યું કે હમણાં નહીં, પહેલાં મને ચાચા સામ (અમેરિકાના પ્રમુખ) સાથે વાત કરી લેવા દે. કયો દેશ રહેવાનો છે અને કયો નથી રહેવાનો તે જાણી લેવા દે. પછી નકશો બનાવી દઈશ....' આશ્ચર્ય એ છે કે ૫૦ વર્ષ પછી પણ અમેરિકાની દાદાગીરીમાં કશો ફરક નથી પડ્યો.

ભારતના ભાગલા વખતે મન્ટોએ 'સિયાહ હાશિએ' નામે હચમચાવી દે એવી લઘુકથાઓ લખી હતી. એમાંથી એકાદ-બે નમૂના :

**૧. આમંત્રણ**

આગ લગી તો આખો મહલ્લો બળીને રાખ થઈ ગયો. માત્ર એક દુકાન બચી ગઈ. જેના આગળના ભાગે આવું પાટિયું લટકતું હતું : 'અહીં મકાન બનાવવા માટેનો બધો જ સામાન મળે છે !'

**૨. ઠપકો**

'જો યાર, તેં કાળાબજારનો ભાવ પણ લીધો અને એવું તો ભંગાર પેટ્રોલ દીધું કે એક પણ દુકાન ન બળી.'

**૩. આરામની જરૂરિયાત**

'હજી મર્યો નથી... જો હજી આનામાં તો જીવ છે...!'

'રહેવા દે યાર... હું બહુ થાકી ગયો છું...!'

**૪. સૉરી**

છરી પેટને ચીરતીક નાભિની નીચે સુધી ચાલી ગઈ.

લેંઘો ચિરાઈ ગયો.



છરી મારવાવાળાના મોઢામાંથી અચાનક જ પસ્તાવાના બોલ સરી પડ્યા : 'મિ., મિ., મિ... મિશટેક હો ગયા !'

અને છેલ્લે મન્ટો જરા હળવી રગમાં...

– મન્ટોની 'બૂ' વાર્તા પર ભદ્ર વર્ગના લોકો ભડકી ઊઠ્યા અને મામલો અદાલતમાં પહોંચ્યો. એક સાહિત્યકારે મન્ટોને કહ્યું : 'લાહોરના કેટલાક ભંગીઓએ અદાલતમાં ફરિયાદ નોંધાવી છે કે તમારી વાર્તા 'બૂ'ની દુર્ગંધ દૂર દૂર સુધી ફેલાઈ ગઈ છે.'

મન્ટો હસતાં હસતાં કહે છે : 'કંઈ વાંધો નહીં... હું એક 'ખુશબૂ' નામની વાર્તા લખીશ. એનાથી એ લોકોની ફરિયાદ દૂર થઈ જશે.'

– કોઈએ મન્ટોને કહ્યું : 'ગઈ વખતે તમે મળ્યા ત્યારે મને એ જાણીને બેહદ આનંદ થયેલો કે તમે દારૂ છોડી દીધો છે. પણ કેટલા અફસોસની વાત છે કે આજે તમે ફરીથી પીધેલ છો...'

'જનાબ, તમારી વાત સાચી છે... પણ ફરક માત્ર એટલો જ છે કે એ દિવસે તમે ખુશ હતા... જ્યારે આજે હું ખુશ છું...'

કૃષ્ણચંદરે ભલે કહ્યું કે ઉર્દૂ સાહિત્યમાં એક જ મન્ટો છે. પણ સમગ્ર મન્ટોમાંથી પસાર થઈએ ત્યારે કહેવાઈ જાય છે કે ભારતીય સાહિત્યમાં એક જ મન્ટો છે.

**– શરીફા વીજળીવાળા**

## શ્રદ્ધાંજલિ



ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં છેલ્લા બે દાયકાથી પ્રૂફરીડિંગનું કાર્ય કરતા શ્રી હર્ષદભાઈ દવેનું ૧ જૂન ૨૦૧૨ના રોજ દુઃખદ અવસાન થયું. ગુજરાતી વિશ્વકોશના પરિવારના આ વહાલસોયા સભ્ય એમની વર્ષગાંઠે સહુને ચૉકલેટ સાથે સ્વરચિત કવિતા આપતા હતા. પ્રૂફરીડરમાં જરૂરી એવી ચોકસાઈ અને ઝીણવટ એમની પાસે હતાં. નાદુરસ્ત તબિયત હોવા છતાં સંસ્થા પ્રત્યેના સ્નેહને કારણે એ નિયમિત આવતા હતા અને અવસાનના બરાબર એક મહિના પૂર્વે એમણે સેવા આપવાનું બંધ કર્યું. એમના પત્રમાં એમણે લખ્યું કે ગુજરાતી વિશ્વકોશની આનંદમયી જ્ઞાનસંવર્ધન કરતી રહેતી યાત્રાને કારણે ખૂબ આનંદમાં રહી પ્રોત્સાહિત થતો રહ્યો છું. અંતકાળે બહુ ઓછાને આવી સુવિધાભરી નોકરી કરવાનું પુણ્ય કહો તો પુણ્ય અને નોકરી કર્યાનો આનંદ પ્રાપ્ત થાય છે તેવું વાતાવરણ મળ્યું. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના પરિવારે એમના વહાલસોયા મુરબ્બીની વિદાયને ભાવભરી અંજલિ આપી છે.

## જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

◈ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણીના ઉપક્રમે જુલાઈ મહિનામાં બે વ્યાખ્યાનો સાંજે પાંચ વાગ્યે શ્રી હીરાલાલ ભગવતી સભાગૃહમાં યોજવામાં આવ્યાં છે :

**૧૮ જુલાઈ ૨૦૧૨, બુધવાર** : વિષય : અરવલ્લીના અનુભવો
વક્તા : શ્રી કિશોરસિંહ સોલંકી

**૨૫ જુલાઈ ૨૦૧૨, બુધવાર** : વિષય : મારા જીવનમાંથી હું શું શીખી ?
વક્તા : શ્રી ધીરુબહેન પટેલ

## વિશ્વકોશ લલિતકલાકેન્દ્ર

◈ **૨૮ જુલાઈ ૨૦૧૨, શનિવાર, સાંજે ૫-૦૦ :**

વિખ્યાત ગુજરાતી છબીકાર શ્રી વિવેક દેસાઈનો વાર્તાલાપ અને એમની છબીઓનું પ્રદર્શન. સામાજિક અને સાંસ્કૃતિક જીવનમાંથી છબીઓ શોધી એનું દસ્તાવેજીકરણ કરવાની સાથોસાથ એ છબીના સમય અને ઘટનાની સૂક્ષ્મ રજૂઆત કરનારા શ્રી વિવેક દેસાઈને છબીકલા માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય અનેક પુરસ્કારો મળ્યા છે.

## સવ્યસાચી એવૉર્ડ

શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણીનું ૧૫૦મું વ્યાખ્યાન વિખ્યાત સ્થપતિ શ્રી બાલકૃષ્ણ દોશીએ 'મારી કલાયાત્રા' વિશે આપ્યું. એમણે પોતે સર્જેલી જુદી જુદી ઇમારતોની પાછળ એમનું કયા પ્રકારનું દર્શન રહેલું છે અને એ દર્શનનો મૂળ સ્રોત ભારતીય ઇમારતો અને પોળોમાંથી કઈ રીતે પ્રાપ્ત થયો છે, એની રસપ્રદ રીતે દૃશ્ય-શ્રાવ્ય રજૂઆત કરી. ૨૭મી જૂનનો એ દિવસ શ્રી ધીરુભાઈ ઠાકરનો જન્મદિવસ પણ હતો અને આ વ્યાખ્યાનશ્રેણીનાં સહયોગી એવા જાણીતા ઉદ્યોગપતિ અને લોકસેવાનાં અનેક કાર્યો કરનાર શ્રી સી. કે. મહેતા ઉપસ્થિત હતા. એમણે આ પ્રસંગે દર વર્ષે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા સાહિત્ય, સંગીત, નૃત્ય આદિ કલાઓમાં ઉત્કૃષ્ટ પ્રદાન કરનારને એક લાખ રૂપિયાનો સવ્યસાચી એવૉર્ડ આપવાનું જાહેર કર્યું. એ સૌને વિદિત છે કે 'સવ્યસાચી' તે શ્રી ધીરુભાઈ ઠાકરનું ઉપનામ છે અને આ ઉપનામથી એમણે સાહિત્યવિવેચન કર્યું છે. આ પ્રસંગને અનુલક્ષીને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં સ્વાસ્થ્ય-યોગશ્રેણી માટે સહયોગ આપનાર તથા શિક્ષણ અને સમાજમાં આગવું પ્રદાન કરનાર શ્રી મનસુખભાઈ મેદાણીએ પણ સંસ્થાને ૫૧,૦૦૦ રૂ.નું દાન આપ્યું.



## શ્રી ભોળાભાઈ પટેલની સ્મૃતિમાં યોજાયેલી નિબંધસ્પર્ધા

ગુજરાત વિદ્યાસભા, ગુજરાત સાહિત્ય સભા તથા શ્રી બ્રહ્મચારી વાડી ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે ગુજરાતના પ્રસિદ્ધ સાહિત્યકાર સ્વ. ભોળાભાઈ પટેલની સ્મૃતિમાં કૉલેજો, યુનિવર્સિટીઓ અને સાહિત્યરસિકોને માટે નિબંધસ્પર્ધાનું આયોજન કર્યું છે.

**વિષય : (૧) નિબંધકાર તરીકે ભોળાભાઈ પટેલની વિશિષ્ટતા, (૨) ભોળાભાઈનું અનુવાદકર્મ - બંગાળી સાહિત્યના સંદર્ભમાં (૩) ભોળાભાઈના વિવેચનમાં તુલનાત્મક અભિગમ, (૪) ભોળાભાઈનું માતૃભાષા ચિંતન**

આ નિબંધ ૨૦ ફૂલસ્કેપની મર્યાદામાં ગુજરાતી અથવા હિંદીમાં કાગળની એક બાજુ લખીને ૨૭મી ઑક્ટોબર સુધીમાં નીચેના સરનામે મોકલવા. આમાં પ્રથમ પારિતોષિક રૂ. ૨૫૦૦, બીજું પારિતોષિક રૂ. ૧૫૦૦ અને ત્રીજું પારિતોષિક રૂ. ૧૦૦૦નું આપવામાં આવશે અને યોગ્ય જણાશે તો આ નિબંધ 'બુદ્ધિપ્રકાશ'માં પ્રકાશિત કરવામાં આવશે.

સેક્રેટરીશ્રી, ગુજરાત વિદ્યાસભા, ભો. જે. વિદ્યાભવન બિલ્ડિંગ, એચ. કે. આર્ટ્સ કૉલેજ કૅમ્પસ, આશ્રમ માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૯ ફોન : ૨૬૫૮ ૨૦૮૮

---

(પાંચમા પાનાનું ચાલુ)

છે. આ દુનિયાનો ખરેખરો વિદ્વાન હોય છે તે હંમેશાં વિનયશીલ હોય છે, તે ક્યારેય એમ નથી કહેતો કે હું મોટો જ્ઞાની છું, એ હંમેશાં કહે છે કે મારી પાસે કોઈ જ્ઞાન નથી. છેક પ્રાચીન સમયથી આપણે ત્યાં જ્ઞાનનો સંચય કરવાનું કાર્ય ચાલતું હતું. પુરાણ, ધર્મસૂત્ર, સર્વદર્શનસંગ્રહ એ એક પ્રકારે એન્સાઇક્લોપીડિયા જ છે. એ પરંપરા આપણે ત્યાં ચાલતી આવી છે અને એમાં આ વિશ્વકોશમાં ૧૬૯ વિષયો પરથી વિશ્વકોશની પરિધિ કેટલી વિસ્તૃત છે એની કલ્પના કરી શકાય છે. જ્ઞાન, મોક્ષ કે જીવનમુક્તિ માટે છે અને એમ પણ કહ્યું છે કે જીવન માટે છે. આપણે ત્યાં પરા વિદ્યા અને અપરા વિદ્યાની વાત છે. પરા વિદ્યા મોક્ષ સાથે સંકળાયેલી છે જ્યારે અપરા વિદ્યા જીવનને ઉપયોગી બને છે. આ બે વિદ્યા એક બીજાની વિપરીત નથી પણ અનુપૂરક છે. આ પ્રવૃત્તિ એ સમગ્ર દેશને માટે ઉદાહરણરૂપ છે અને આ કાર્યમાં જોડાયેલા સહુ કોઈને હું હૃદયપૂર્વકના અભિનંદન આપું છું.'

શ્રી સોનિક સુથારની સરસ્વતીવંદનાથી શરૂ થયેલા કાર્યક્રમનું સંચાલન શ્રી પ્રીતિ શાહે કર્યું હતું.